<u>પરિશિષ્ટ – ૧</u>

'સાગરના પિતાશ્રી દામોદરદાસનું ૫૬

નવા વર્ષ નિમિત્તે પ્રભુપ્રાર્થના

૫૬

તમને આરાધું અનદેવ, પરથમ કરું તમારી સેવ; એ ઢાળ
નમીએ નવા વર્ષમાં નાથ, તમને જોડીને બેઉ હાથ. ટેક
અચળ અગોચર વિશ્વનિયંતા સચ્ચિદ્ઘન સાક્ષાત
સેવક જન તન મન-ધન પાલક, ભવતારક પિતુ માત.
નમીએ.

ભકિત કરીએ ભાવ ધરી, હે ભયહારક ભગવાન!
ભરતખંડનો ભાગ્ય સુધરવા, હરવા મતિ નાદાન.
નમીએ.

ભારતભૂમિ યશમાં ધૂમી, સિંહણ માત સમાન
અન્યતણો અધિકાર ભોગવે, એ અતિશય અપમાન.
નમીએ.

શૂર પૂર ને નૂર ગયું, ઉર હિંમત રહી ન લગાર;
આર્યબંધુ બદલાઇ ગયા, જ્યમ કાષ્ટ થકી અંગાર.
નમીએ.

વિદ્યા વારિ વિનાશ થવાથી, વણસી વાત અપાર;
ભરત વાટિકા કરમાતાં, નહીં લાગી વાર.
નમીએ.

ડા'પણ સઘળું દૂર થયું, ને ગયું રાજ રજપૂત;
પરદેશીઓ પાટુ મારે, જાણે જમના દૂત.
નમીએ.

આવી વિદેશી વસી દેશમાં, દેશી કર્યા હેરાન;
જુલમ કર્યો ઝાઝો જન ઉપર, ત્રાહિ ત્રાહિ ભગવાન!
નમીએ.

ધર્મધારણા ધૂળ મેળવી આર્ય તણી યવનોએ;
નથી ઠરીને ઠામ બેસતા, અદ્યાપિ જન કોએ.

નમીએ.

હાલ સમય છે સુખ શાન્તિનો, ઉપરથી અજવાળું;
મૂષિક ફૂંકી દંશ કરે, એ નીતિ નજરે ન્યાળું.

નમીએ.

એ નીતિ જો ચાલી જાશે, નિર્ધન થાશે લોકો;
ધાતુ પાત્ર નહીં રહે ઘરમાં, રોશે મૂકી પોકો.

નમીએ.

તે માટે ઓ ઇશ! અમો પર, કરુણા કરી કર વાર;
બાળક જાણી પાળ કર અમને, સૂચવ શુભ ઉપચાર.

નમીએ.

આપી કળા-કુશળતા અમને, સૂઝાડ ઉદ્યમ સારો,
દ્રવ્ય જતું અટકે પરદેશે, ત્યારે થાય સુધારો. નમીએ.
ભૂંડી રૂઢિ દૂર થવાને, વિવેકબુદ્ધિ આપો;
વહેમપાશથી બંધાયેલા બંધ અમારા કાપો.

નમીએ.

શુદ્ધ સનાતન ધર્મ ધારવા, કરવા પર ઉપકારો;
હે પ્રાત દીનદયાળા અમને, સફળ થાય જન્મારો.

નમીએ.

નમી નમીને હરિ! નમ્ર વિનંતી, કરીએ વારંવાર;
કૃપાધના! કરુણા કરી અમને, ઉતારો ભવપાર.

નમીએ.

:શાર્દૂલવિક્રીડિત:

વીત્યું વર્ષ વિશેષ સુખમાં, તારી કૃપાને પ્રભુ;
તે રીતે આ વરસમાં સુખ થવા આશિષ આપો વિભુ,
નમીએ નાથ અમે નવા વરસના આરંભમાં આ સમે;
સ્વીકારો કરુણા કરી વિનતી જે આ આજ કીધી અમે.

૧૮૮૩, જાન્યુઆરી, બુદ્ધિપ્રકાશ.

દા.